# ક્રિ.પ.અ.નં.૪૫૬૭/૨૨ ના કામે આંક-૧ નીચે હુકમ

૧. ફરીયાદપક્ષની વિલંબ માફની હાલની અરજી વંચાણે લીધી, રેકર્ડ ઘ્યાને લીધું. આ કામના ફરીયાદીએ હાલની અરજીમાં જણાવ્યા મુજબ હાલની ફરીયાદ તા.૧૬-૦૩-૨૦૨૨ સુધીની સમયમર્યાદામાં દાખલ કરવાની થતી હતી પરંતુ ફરીયાદી ફેબ્રુઆરી માસમાં ઉદયપુર,રાજસ્થાન મુકામે હતા અને તે દરમ્યાન તા.૨૨-૦૨-૨૨ ના રોજ હાર્ટ એટેક આવતાં તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર

લેવાની જરૂર પડેલ અને તે જ દિવસે ફરીયાદીને ગીતાંજલી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, ઉદયપુર,રાજસ્થાનમાં દાખલ કરવામાં આવેલ અને ડૉકટરશ્રીએ તપાસ કરી ૯૫% થી ૧૦૦% જેટલું હૃદય બ્લોક થઈ ગયેલ હોય તાત્કાલીક પ્રથમ સ્ટેન્ડ મુકવાની સારવાર તા.૨૨-૦૨-૨૨ ના રોજ કરેલી અને ત્યારબાદ તા.૨૬-૦૨-૨૨ ના રોજ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરેલ. ત્યારબાદ ફરી તા.૨૯-૦૩-૨૨ ના રોજ હાર્ટ એટેકની બિમારીની તકલીફ વધતાં તાત્કાલીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ અને તા.૨૯-૦૩-૨૨ થી તા.૩૧-૦૩-૨૨ ના રોજ હોસ્પિટલમાં સારવાર લીધેલ અને તે દરમ્યાન ડૉકટરશ્રીએ ફરીથી બે સ્ટેન્ડ મુકવાની સારવાર કરેલ અને ત્યારબાદ તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરેલ અને સંપૂર્ણ આરામ કરવાની તમેજ સંપૂર્ણ પથારીવશ રહેવાની સલાહ આપેલ. જેથી ફરીયાદી સંપૂર્ણ પથારીવશ હોય અને નિયમિત સારવાર મેળવતા હોય અને માત્ર હરવા-ફરવાની સલાહ આપેલ હોય જે કારણસર હાલની ફરીયાદ દાખલ કરવામાં ૪ માસ જેટલો વિલંબ થયેલ છે. વધુમાં હાલની ફરીયાદ વિલંબથી દાખલ કરવા પાછળ ફરીયાદીનો કોઈ બદઆશય રહેલ ન હોય જેથી ન્યાયના હિતમાં હાલની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. ફરીયાદપક્ષે વિ.વકીલશ્રીએ તેઓની હાલની અરજી મુજબ જ મૌખીક રજુઆત કરવામાં આવેલ છે તેમજ અરજીના સમર્થનમાં મેડીકલ સારવારના આધાર-પુરાવા રજુ કરેલ છે.

૨. ફરીયાદપક્ષની હાલની અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જેની બજવણી થતાં સામાવાળા હાજર થયેલ છે. પરંતુ હાલની અરજી સંદર્ભે પુરતી અને વ્યાજબી તક આપવા છતાં સામાવાળા તરફે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી. જેથી હાલની અરજી મેરીટ ઉપર યોગ્ય તે નિર્ણય માટે રાખવામાં આવેલ.

૩. હાલની વિલંબ માફની અરજી તથા સમગ્ર રેકર્ડ ઘ્યાને લેતાં ફરીયાદીએ પોતાની વિલંબ માફની અરજીમાં મુખ્ય કારણ તરીકે ફરીયાદી રાજસ્થાન મુકામે ગયેલ હોય અને ત્યાં હાર્ટ એટેક આવતા તાત્કાલીક સારવાર લેવી પડેલ હોય તેમજ ત્યારબાદ ફરી હાર્ટએટેક આવતાં પુન: સારવાર કરાવવી પડેલ હોય અને ડૉકટરશ્રી ઘ્વારા સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપેલ હોવાના કારણોસર હાલની ફરીયાદ દાખલ કરવામાં ૬(છ) દિવસનો વિલંબ થવા પામેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદીએ પોતાની વિલંબ માફની

અરજીમાં જે કારણો જણાવેલ છે તે સોગંદનામાથી સમર્થીત છે. ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબનો સમયગાળો ઘ્યાને લેતાં ૪ માસ જેટલો વિલંબ થયેલ છે જે બહુ મોટો છે પરંતુ ફરીયાદીએ પોતાની અરજીમાં જે કારણ જણાવેલ છે તે ઘ્યાને લેતાં હાર્ટ એટેકના કારણોસર ફરીયાદીને તાત્કાલીક સારવાર લેવી પડેલ હોય તેમજ સ્ટેન્ડ મુકાવવા પડેલ હોય તે સંજોગોમાં આવો વિલંબ થવા પાછળ કોઈ બદઆશય ન હોવાનું જણાઈ આવે છે. વધુમાં, ફરીયાદીએ પોતાની અરજીના સમર્થનમાં મેડીકલ સારવારના જે દસ્તાવેજ રુજ કરેલ છે તે ઘ્યાને લેતાં ફરીયાદીની અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન મળી રહે છે. તેમજ હાલની અરજી મંજુર કરવા માત્રથી કોઈપણ પક્ષકારને પૂર્વગ્રહ થાય તેમ ન હોય અને આરોપીને પણ આગળ ઉપર કેસ ચાલતા દરમ્યાન પોતાના બચાવમાં વિશાળ તકો મળી રહેનાર છે તે ઘ્યાને લેતાં, બંન્ને પક્ષકારોના સમાન હિતોને ઘ્યાનમાં રાખીને ન્યાયના વિશાળ હિતમાં હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.વધુમાં ફરીયાદીની ફરીયાદ, રજુ રાખેલ સરતપાસનું સોગંદનામું, રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં આ કામના આરોપીઓ સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ અન્વયે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને વ્યાજબી કારણો જણાઈ આવે છે, જેથી આ તમામ હકીકતો નજર સમક્ષ રાખી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. ફરીયાદપક્ષને હાલની ફરીયાદ દાખલ કરવામાં થયેલ ૪(ચાર)માસના વિલંબ માફની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓ વિરૂઘ્ઘ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબના ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ:૨૦૪ અન્વયે **ફ. મુ. તા.૨૦/૦૭/૨૦૨૩** ના રોજના સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૦-૦૮-૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૭-૦૬-૨૩
સ્થળ:અમદાવાદ.

**( કિરીટકુમાર બી.વાઘેલા )**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦, અમદાવાદ
GJ01142